## ભાવનગર મહાનગરપાલિકા
### એકાઉન્ટ વિભાગ

એકા.જા.નં. ૮૩૧ તારીખ ૨૯/૦૯/૨૦૧૮

## – :: પરીપત્ર :: –

સંદર્ભદર્શિત પરીપત્ર : (૧) એકા.જા.નં.૬૪૬ તા.૨૮/૦૮/૨૦૧૭
(૨) એકા.જા.નં.૬૭૩ તા.૦૧/૦૯/૨૦૧૭

ઉપરોકત સંદર્ભદર્શિત પરીપત્ર ક્રમાંક (૧) અન્વયે ભાવનગર મહાનગરપાલિકાએ કેન્દ્ર સરકાર ધ્વારા લાગુ કરવામાં આવેલ અમલીકરણ કરેલ સંદર્ભદર્શિત પરીપત્ર ક્રમાંક (૨) ધ્વારા ભાવનગર મહાનગરપાલિકાના જી.એસ.ટી. નંબર તેમજ કોન્ટ્રાકટરો પાસેથી ફરજીયાત ટેકસ ઈન્વોઈઝ મેળવવાની જાણ કરવામાં આવેલ.

સેન્ટ્રલ જી.એસ.ટી.ના કાયદાની કલમ ૫૧ મુજબ કરપાત્ર માલસામાનની ખરીદી કે કરપાત્ર સર્વિસની કોન્ટ્રાકટની રકમ બે લાખ પચાસ હજારથી વધુ હોય ત્યારે તે રકમ પર જી.એસ.ટી. અંતર્ગત ટી.ડી.એસ. કાપી સરકારશ્રીમાં જમા કરાવવાનો રહે છે. જે બાબતે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહે છે.

(૧) સેન્ટ્રલ જી.એસ.ટી. નોટીફીકેશન નં.૫૦ તા.૧૩/૦૯/૨૦૧૮ થી ઉપરોકત કલમ ૫૧ ની અમલવારી તા.૦૧/૧૦/૨૦૧૮ થી કરવાની રહે છે. એટલે કે જો કોઈ બીલ પેમેન્ટ અર્થે એકાઉન્ટ વિભાગે તા.૦૧/૧૦/૨૦૧૮ કે ત્યારબાદ આવે તો તેમાંથી જી.એસ.ટી. – ટી.ડી.એસ. ૨ % લેખે કપાત કરવાની રહે છે.

(૨) દરેક વિભાગે જી.એસ.ટી. – ટી.ડી.એસ. માટે નીચે મુજબનું રજીસ્ટર નિભાવવાનું રહેશે.

| ક્રમ નં | પાર્ટીનો જી.એસ.ટી. નંબર | પાર્ટીનું નામ | જે રકમ પર જી.એસ.ટી. ટી.ડી.એસ. કપાત કરેલ છે. તે રકમ | સી.જી. એસ.ટી. | એસ.જી. એસ.ટી. | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

(૩) જી.એસ.ટી. અંતર્ગત ટી.ડી.એસ.ની કપાત માત્ર તે જ બીલમાંથી કરવાની રહે છે જે જી.એસ.ટી. માં કરપાત્ર છે જે વસ્તુ કે સેવા પર જી.એસ.ટી. લાગુ પડતો નથી તેના પર જી. એસ.ટી.– ટી.ડી.એસ.ની કપાત કરવાની રહેતી નથી.

(૪) પરીપત્ર મુજબનો જી. એસ.ટી.– ટી.ડી.એસ. હાલમાં અમલમાં રહેલ ઈન્કમટેકસના ટી.ડી.એસ. થી અલગ છે. જેથી જી. એસ.ટી.– ટી.ડી.એસ. હાલની કપાત કરતા અલગથી કપાત કરવાનો રહેશે.

ભાવનગર મહાનગરપાલિકા
એકાઉન્ટ વિભાગ

દા.ત. કોઈ કરપાત્ર વસ્તુ કે સેવાની કિંમત રૂા.૧૦૦૦/– છે. અને તેના પર ૧૨% લેખે જી.એસ.ટી. રૂા.૧૨૦/– મળી કુલ બીલની રકમ રૂા.૧૧૨૦/– થશે. જો તેના પર ઈન્કમટેક્સ મુજબ કપાત કરવાની હોય તો તે રૂા.૨૦/– થશે. વધુમાં જી. એસ.ટી.– ટી.ડી.એસ.ની રકમ રૂા.૨૦/– થશે. એટલે કે કુલ રૂા.૪૦/– ની કપાત કરવાની રહેશે.

(૫) કપાત કરેલ જી.એસ.ટી. – ટી.ડી.એસ. ને બીલમાં ૧ % એકાઉન્ટ કોડ ૯૩૨૫૩ (C.G.S.T.-T.D.S.) અને ૧ % એકાઉન્ટ કોડ ૯૩૨૫૪ (S.G.S.T.-T.D.S.) દર્શાવવાના રહેશે. એટલે કે ઉપરોક્ત ઉદાહરણમાં IT– TDS રૂા.૨૦/–, C.G.S.T.-T.D.S. રૂા.૧૦/–, S.G.S.T.-T.D.S. રૂા.૧૦/– એમ અલગ અલગ દર્શાવવાનું રહેશે.

(૬) કપાત કરેલજી. એસ.ટી.– ટી.ડી.એસ. ની રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેતી હોય દરેક વિભાગના બીલ કલાર્કે પાર્ટીનો જી.એસ.ટી. નંબર સુવાચ્ય અક્ષરમાં લખવાનો રહેશે. જેથી પાર્ટીને જી.એસ.ટી.ની રકમ રીર્ટન ધ્વારા જમા આપી શકાય.

(૭) ઉપરોક્ત બે લાખ પચાસ હજારની મર્યાદા વાર્ષિક ગણવાની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

"નોંધ પર માન.કમિશ્નરશ્રીની આજ્ઞાનુસાર"

નાયબ કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા